નં.જિશિસ/મહેકમ/વશી/વિકલ્પ/૧૪/૨૩૬

જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા પંચાયત,પોરબંદર
તા.૨૭/૩/૨૦૧૪

પ્રતિ,
તાલુકા વિકાસ અધિકારીશ્રી–તમામ
જિલ્લો–પોરબંદર

***વિષય :*** પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતાં અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/ બી.એડ.) ધરાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮) માં સમાવવા બાબત.

***સંદર્ભ :*** (૧) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :પી.આર.ઈ.૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક તા.૧૯/૦૨/૨૦૧૪

(૨) પ્રા.શિ.નિ.કચેરી–ગાંધીનગરના પત્ર નં.પ્રાશિનિ/નીતિ/૨૦૧૪/ક/૬૨૬–૭૧ તા.૨૮/૦૨/૨૦૧૪

જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ–(૨)મુજબના શેરાથી પ્રા.શિ.નિ.કચેરી દવારા મોકલવામાં આવેલ સંદર્ભ–(૧) મુજબના ઠરાવ અનુસાર હાલ પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા વિધાસહાયકો અને પ્રાથમિક શિક્ષકો પૈકી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય તેમને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

જે અનુસાર પોરબંદર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ(વિભાગ)માં ફરજ બજાવતાં વિધાસહાયક/ શિક્ષકો પૈકી ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની લાયકાત ધરાવતાં હોય અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ(વિભાગ)માં શિક્ષણ કાર્ય માટે જવા ઈચ્છતા હોય તેવા વિધાસહાયક/ શિક્ષકો પાસેથી આ સાથે સામેલ ***નમુના મુજબના વિકલ્પ પત્રો (આધાર સહ) મેળવીને યાદી સાથે ફાઈલમાં આ કચેરી ખાતે તા.૦૫/૦૫/૨૦૧૪ સુધીમાં*** નીચેની સૂચનાઓ ધ્યાને લઈને મોકલી આપવાના રહેશે.

## ***સૂચનાઓ :***

(૧)આ પ્રકારના વિકલ્પ દર વર્ષે ૧ લી એપ્રિલ થી ૩૦ મી એપ્રિલ સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપવાના રહેશે.

(૨)ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના ઠરાવ નં. :પીઆરઈ–૧૧૧૦–૨૨૩ અને તા.૧૪/૭/૨૦૧૧ , તા.૩/૦૫/૨૦૧૨ અને તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક માટે નકકી કરવામાં આવેલ લાયકાત ધરાવતાં હોવા જોઈએ.

(૩)ગણિત–વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાન વિષય માટે શિક્ષણ વિભાગના તા. ૨૭/૪/૨૦૧૧ ના ઠરાવ નં. :પીઆરઈ–૧૧૧૦–૨૨૩ અને તા.૧૪/૭/૨૦૧૧ , તા.૩/૦૫/૨૦૧૨ અને તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવમાં દર્શાવેલ વિષયો સિવાય અન્ય વિષયો સાથે બી.એસસી. કે બી.એ. ની લાયકાત ધરાવતા હોય તેવા વિધાસહાયક/ શિક્ષકોને રાજય સરકાર દવારા નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ SLP(સી)નં.૯૯૫૦–૧૦૦૨૧/૨૦૧૨ ના આખરી ચૂકાદાને આધિન વિકલ્પ આપી સમાવવામાં આવશે.

(૪)દરેક શાળામાં વિકલ્પ આપેલ વિધાસહાયક/ શિક્ષકોની ગણિત–વિજ્ઞાન,ભાષા અને સામાજીક વિજ્ઞાન વિષય મુજબ લાયકાત ધરાવતા વિધાસહાયક/ શિક્ષકોને સિનિયોરીટી મુજબ સૌપ્રથમ તેમની શાળામાં સમાવવામાં આવશે.જો તે શાળામાં સમાવેશ થઈ શકે તેમ ન હોય તો તે જ પગાર કેન્દ્રની અન્ય શાળાઓમાં સમાવવામાં આવશે અને પગાર કેન્દ્રની શાળાઓમાં જગ્યા ન હોય અથવા જગ્યા ભરાય જાય ત્યારે તે તાલુકાની અન્ય શાળાઓમાં સમાવવામાં આવશે.જયારે તાલુકાઓમાં જગ્યા ન હોય કે જગ્યા ભરાય જાય ત્યારે બાકી રહેતા વિધાસહાયક/ શિક્ષકોને જિલ્લાના અન્ય તાલુકાઓની શાળામાં સમાવવામાં આવશે.આ રીતે સમાવેશ કર્યા બાદ વિકલ્પ આપેલા વિધાસહાયક/ શિક્ષકોને પુરેપુરા સમાવી શકાય નહી ત્યારે ભવિષ્યમાં જિલ્લામાં જે તે વિષયની ખાલી પડતી જગ્યાઓમાં સમાવવામાં આવશે.

(૫)સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા વિદ્યાસહાયક/ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવાની પ્રક્રિયા દરમિયાન જો વિદ્યાસહાયક / શિક્ષક પોતે અસંમતી દર્શાવે તો તેવા વિદ્યાસહાયકો / શિક્ષકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવા અંગેનો હક–દાવો કરી શકશે નહી.

(૬) પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતાં અને તાલીમીલાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ.)ધરાવતા વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮) માં સમાવવા અંગેનો શિક્ષણ વિભાગનો ઠરાવનં.પીઆરઈ/૧૧/ ૨૦૧૨ /૫૨૦૩૬/ક તા. ૧૬/૨/૨૦૧૨. રદ કરવામાં આવેલ છે.

(૭) આ રીતે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકનો વિકલ્પ આપ્યા પછી પોતાની જ અથવા અન્ય શાળામાં નિમણુંક સ્વીકારી લીધી હોય તેવા વિદ્યાસહાયકો / શિક્ષકોની આંતરીક બદલી કે અરસ–પરસ બદલી માટે તેમણે જે શાળામાંથી વિકલ્પ આપેલ છે તે શાળાની જ સિનિયોરીટી ગણતરીમાં લેવામાં આવશે.આ પ્રમાણે બદલીનો લાભ લીધા પછી તે વિદ્યાસહાયક/ શિક્ષક ફરીથી બદલી કરાવવા ઈચ્છે તો તેમની બદલી વાળી નિમણુંકની તારીખ સિનિયોરીટીના હેતુ માટે ધ્યાનમાં લેવાશે.

***આપના તાબા હેઠળની તમામ શાળાઓને આ પરીપત્રની નકલ મોકલી, શાળાના આચાર્યશ્રી દવારા શાળાના તમામ શિક્ષકોને આ પરીપત્ર વંચાવી સહી મેળવી શાળાની ફાઈલે રાખે તેવી સૂચના આપવી.જો કોઈ શાળા/શિક્ષક આ પરીપત્રની જાણથી વંચિત રહેશે અને તે અંગે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તો એ અંગેની જવાબદારી આપશ્રીની રહેશે.***

(ડી.આર.સરડવા)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
પોરબંદર

***<u>બિડાણ :</u>***
વિકલ્પપત્રની નકલ

***નકલ સવિનય રવાના :***
(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી–ગાંધીનગર
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી–પોરબંદર
(૩) અધ્યક્ષશ્રી,જિલ્લા શિક્ષણ સમિતિ–પોરબંદર

***નકલ જાણ તથા અમલ અર્થે રવાના :***
(૧) કેળવણી નિરીક્ષકશ્રી(વહીવટ)/ શિક્ષણ–તમામ,જિ.પોરબંદર
(૨) બી.આર.સી./સી.આર.સી.કો.ઓર્ડિ.શ્રી–તમામ,જિ.પોરબંદર
(૩) પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી–પોરબંદર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ,પોરબંદર

વિદ્યાસહાયક/

શિક્ષકનું પુરૂ નામ : ............................................

શાળા :............................................

તાલુકો :............................................

તારીખ :............................................

પ્રતિ,
શ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબ,
જિલ્લા શિક્ષણ સમિતિ, પોરબંદર

***વિષય :*** ઉચ્ચ પ્રાથમિક શિક્ષકમાં જવા અંગેનો વિકલ્પ આપવા બાબત.

***સંદર્ભ :*** તાલુકા વિકાસ અધિકારીશ્રીને લખાયેલા આપની કચેરીના પત્ર નં.જિશિસ/મહેકમ/વશી/વિકલ્પ /૧૪ / ૨૩૬ તા. ૨૭/૩/૨૦૧૪ અન્વયે

જય ભારત સાથ જણાવવાનું કે, સંદર્ભિત પત્ર તથા સામેલ શિક્ષણ વિભાગ– ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆરઈ/ ૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક તા. ૧૯/૨/૨૦૧૪ તથા સંદર્ભ અનુસારનો પત્ર મે વાંચેલ છે. તેમાં દર્શાવેલ સૂચનાઓ/શરતો/ધોરણોથી હું વાકેફ થયેલ છું અને તે બાબતો મને બંધનકર્તા રહેશે તેની બાહેંધરી સાથે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકમાં જવા માટે હું વિકલ્પ પત્ર રજુ કરું છું.

## ***વિકલ્પ પત્ર***

હું શ્રી ............................................................................ આચાર્ય / આ.શિ./વિદ્યાસહાયક તરીકે ................. તાલુકાની.............................................પ્રાથમિક શાળા .................................પે. સેન્ટર. શાળા જિલ્લો – પોરબંદર ખાતે ફરજ બજાવું છું. મારી જન્મ તારીખ,ખાતામાં દાખલ તારીખ, હાલની શાળામાં દાખલ તારીખ અને મારી શૈક્ષણિક લાયકાતની વિગતો નીચે પ્રમાણે છે.

| ***જન્મ તારીખ*** | ***ખાતામાં દાખલ તારીખ*** | ***હાલની શાળામાં દાખલ તારીખ*** |
|---|---|---|
| | | |

***શૈક્ષણિક લાયકાત :***

| ***ક્રમ*** | ***લાયકાત*** | | ***મુખ્ય વિષય*** | ***બોર્ડ / યુનિવર્સીટીનું નામ*** | ***પાસ કર્યાનું વર્ષ*** |
|---|---|---|---|---|---|
| ૧ | પી.ટી.સી./ B.El.Ed./ ડિપ્લોમાં ઈન એજયુ. | | – | | |
| ૨ | સ્નાતક B.A / B.Com / B.Sc | | | | |
| ૩ | B.Ed | મેથડ–૧ : | | | |
| | | મેથડ–૨ : | | | |

હું ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં (ભાષા/ ગણિત – વિજ્ઞાન/ સમાજવિદ્યા)................................વિષયના શિક્ષક તરીકે જવા શિક્ષણ વિભાગના તા.૧૯/૨/૨૦૧૪ના ક્રમ ૧ થી ૫ મુજબ ધોરણો / શરતો મને બંધનકર્તા રહેશે તેની સંમતિ સાથે આ વિકલ્પપત્ર આપું છું.

ઉપરોકત વિગતો સાચી છે ભવિષ્યમાં ચકાસણી દરમ્યાન દર્શાવેલ માહિતી ખોટી માલુમ પડશે તો મારી નિયમાનુસાર કાર્યવાહી કરવાની બાંહેધરી આપુ છું

મારા રૂબરૂ

શિક્ષક/
વિ.સ.ની સહી :

મુખ્ય શિક્ષકની સહિ :
સિકકો :

પુરૂ નામ :